# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ००૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૧૬/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

## કોરોના બાદ રીયલ એસ્ટેટ માર્કેટ અને તેના રોકાણકારોમાં પોઝીટીવિટી કંઇ રીતે લાવી શકાય તે વિશે મહત્વનો વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, ક્રેડાઇ સુરત અને સુરત રીયલટર્સ એસોસિએશનના સંયુકત ઉપક્રમે આજે સાંજે ૫:૦૦ કલાકે 'રીયલ એસ્ટેટ માર્કેટ અને તેના રોકાણકારોમાં કોરોના બાદ કંઇ રીતે પોઝીટીવિટી લાવી શકાય' તે અંગે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ક્રેડાઇ નેશનલના ચેરમેન શ્રી જક્ષય શાહે હાલના સંજોગોમાં સર્વાઇવલ, રિવાઇવલ અને સસ્ટેનેબિલિટી મહત્વના બની ગયા હોવાનું જણાવ્યુ હતુ. રીયલ એસ્ટેટ બેઠુ નહીં થાય ત્યાં સુધી પરિસ્થિતિ સુધરશે નહીં. સરકાર રીયલ એસ્ટેટની માંગણીઓને સ્વીકારશે તો સરકાર સાથે મળીને નવું ભારત ઉભું કરી શકીશું તેમ જણાવી તેમણે રીયલ એસ્ટેટ માર્કેટમાં પોઝીટીવિટી લાવવા મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, ઇન્ડસ્ટ્રીઝને ગ્રેજયુઅલી ચાલુ કરવી જોઇએ તેવા નિર્દેશો સરકાર તરફથી મળી રહયાં છે પરંતુ કોરોનાને કારણે સ્થિતિ રોજબરોજ મુશ્કેલ બનતી જઇ રહી છે. અત્યારની સ્થિતિમાં રીયલ એસ્ટેટ માટે શું કરી શકાય છે તે વિશે માહિતી મેળવવા માટે ચેમ્બરે ક્રેડાઇ સુરત અને સુરત રીયલટર્સ એસોસિએશનની સાથે મળીને વેબીનારનું આયોજન કર્યુ છે.

**શ્રી જક્ષય શાહે જણાવ્યુ હતુ કે, રીયલ એસ્ટેટ સેંકડો ઇન્ડસ્ટ્રીને પોતાની સાથે સાંકળે છે અને ૩૦ કરોડ લોકોને રોજીરોટી આપે છે. ભારત દેશમાં રીયલ એસ્ટેટ જીડીપીના ૬ ટકાનો હિસ્સો છે. એની સામે વિકસિત દેશોમાં આર્થિક વિકાસ માટે રીયલ એસ્ટેટ ૧૫થી ૨૦ ટકા જેટલો ફાળો આપે છે.** તેમણે કહયુ કે ૨૧મી સદીમાં જે માણસ અનલર્ન, લર્ન અને રીલર્ન ના કરી શકે એ અભણ ગણાશે. જે શીખ્યા છે તેનું આત્મમંથન કરીને નવી વસ્તુ શીખવાની છે. માર્કેટમાં તેજી અને મંદી આવતી રહે છે. અત્યારે

સ્વાસ્થ્ય વૈભવ કેળવવાનો સમય છે. લોકોને સંભાળવા માટે પોતાને સંભાળવા પડશે. મિત્રો અને સંબંધીઓ સાથે સંબંધ વૈભવ કેળવવાનો સમય છે. પછી સમાધાન વૈભવ શીખીને રૂપિયા અને સંપત્તિને સાચવીશું તો સત્કાર્ય વૈભવ એટલે કે જરૂરિયાતમંદ લોકોને મદદ કરીશું તો સદ્‌ગુણ વૈભવ આપોઆપ આવી જશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, રીયલ એસ્ટેટની જૂની દવા એટલે કે ઘર બિલ્ડરોએ બનાવી દીધી છે. અત્યારે ઘરોમાં રહીને જ સુરક્ષિત રહી શકાય છે. બધા જ કામોમાં રીયલ એસ્ટેટ ડેવલોપર આગળ આવતા હોય છે. આથી સરકારે એફોર્ડેબલ હાઉસિંગ માટે રીયલ એસ્ટેટને સપોર્ટ કરવો પડશે. વિશ્વ કક્ષાએ ભારતનું મહત્વ વધી રહયું છે. હવે એનઆરઆઇ પણ ભારતમાં એક ઘર રાખવાનું વિચારી રહયા છે. હાલના સંજોગોમાં સર્વાઇવલ, રિવાઇવલ અને સસ્ટેનેબિલિટી મહત્વના બની ગયા છે. રીયલ એસ્ટેટમાં કર્મચારીઓ, કોન્ટ્રાકટરો અને ગ્રાહકોનું ઘ્યાન રાખવામાં આવી રહયું છે.

શ્રી શાહે વધુમાં કહયુ કે, હાલમાં બિલ્ડરો અને ડેવલોપરોને રેરામાં એક્ષટેન્શન મળે, ઇએમઆઇમાં રાહત મળે, જીએસટી ભરવામાં રાહત મળે, સ્ટેમ્પ ડયુટીમાં રાહત મળે તેમજ સુડામાં જે રૂપિયા ભરવાના છે તેમાં અમને રાહત મળી શકે તેના માટે પ્રયાસ કરવાનો છે. નેશનલ હાઉસિંગ બોર્ડ અને આરબીઆઇ સાથે પણ વાત ચાલી રહી છે અને સ્કીમ ચાલુ કરવાની છે. રીયલ એસ્ટેટ બેઠુ નહીં થાય ત્યાં સુધી પરિસ્થિતિ સુધરશે નહીં. સરકાર રીયલ એસ્ટેટની માંગણીઓને સ્વીકારશે તો સરકાર સાથે મળીને નવું ભારત ઉભું કરી શકીશું. તેમણે કહયુ કે, બેલેન્સશીટ સારી બનાવો. ભવિષ્યમાં માર્કેટીંગ સ્ટ્રેટેજી અને બ્રાન્ડીંગ માટે કામ કરવાનુ રહેશે. બધાએ ભેગા થઇને કામ કરવાનુ છે. આવનારા દસ વર્ષમાં રીયલ એસ્ટેટમાં બ્રાન્ડ સુરત માટે પ્રયાસ કરી શકાય છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, લોકોને ઘરનું મહત્વ સમજાઇ ગયું છે. લોકોને રમત ગમત, ચાલવાની જગ્યા, બાલ્કની અને વધારે સ્પેસવાળા રૂમ જોઇએ છે. ઘર શાના માટે અતિઆવશ્યક છે તેના માટે માસ લેવલ ઉપર પ્રચાર કરવાની જરૂર છે. આના માટે પાર્ટનરશિપ બેઝીસ ઉપર આગળ વધી શકાય છે. અત્યારની ક્રાઇસિસમાંથી તક શોધીને આગળ વધવાનું છે. માત્ર ડેવલપ સાથે જ નહીં પણ બ્રોકર્સ, અર્બન પ્લાનર, આર્કિટેકટ્સ બધા સાથે જ વાત કરીએ છીએ. ગ્રીન બિલ્ડીગ પ્રોજેકટનું મહત્વ વધી જશે. બુલેટ ટ્રેન બાદ સુરત કમર્શિયલ સબબ થઇ જશે. કોસ્ટ ઓફ લિવિંગ અને કોસ્ટ ઓફ બિઝનેસનું મહત્વ વધશે.

ચેમ્બરની રીયલ એસ્ટેટ – અર્બન એન્ડ રૂરલ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન શ્રી વેલજી શેટાએ જણાવ્યુ હતુ કે, લોકડાઉન બાદ નવા પ્રોજેકટનો વિચાર કરવા કરતા એકઝીસ્ટીંગ પ્રોજેકટને કઇ રીતે પૂર્ણ કરવો તે વિશે વિચારવુ જોઇએ. ભૂતકાળમાં કહે છે કે જયારે આપદા આવી છે ત્યારપછીના સમયમાં તેજી આવી જ છે. અત્યારે વાતાવરણને પોઝીટીવ રાખવાનું છે તેમજ પોતાના કર્મચારી, કોન્ટ્રાકટર અને ગ્રાહકોનુ ઘ્યાન રાખવાનું છે. બધા સાથે મિટીગ કરીને વિશ્વાસ અપાવવાનો છે. કોઇપણ ધંધામાં ઉંચા રેટથી રૂપિયા લઇને કામ કરવુ નહીં. લોકડાઉન પૂરૂ થયા પછી શરૂઆતથી સમજી વિચારીને આગળ વધીશું તો વાંધો નહીં આવે. જે કઇ મુશ્કેલી આવશે એના માટે ચેમ્બર અને સરકારને રજૂઆત કરીને મુશ્કેલીમાંથી બહાર આવીશું.

શ્રી જસમત વિડિયાએ જણાવ્યુ હતુ કે, અત્યારની આપદામાંથી પણ બહાર નીકળી જઇશું. બેંક લોન તેમજ બેંકના વહીવટ બાબતે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર પાસે આપણી રજૂઆતોને સ્વીકારવામાં આવશે તો આપણે મુશ્કેલીમાંથી બહાર નીકળી શકીશું. ક્રેડાઇ સુરતના ચેરમેન શ્રી સુરેશ પટેલ અને ક્રેડાઇ સુરતના પ્રમુખ શ્રી રવજીભાઇ પટેલે પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબીએ વેબીનારનું સંચાલન કર્યુ હતુ. આ વેબીનારમાં દેશભરમાંથી પ૫૦થી વધુ લોકો જોડાયા હતા અને તેઓનો ખૂબ જ સારો પ્રતિભાવ જોવા મળ્યો હતો. ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલ અને ચેમ્બરની રીયલ એસ્ટેટ કમિટીના કો–ચેરમેન શ્રી જિગ્નેશ અમીને પ્રાસંગિક વિધી કરી હતી. અંતે નારના ચેરમેન શ્રી હેમલ ભટ્ટે સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.